ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43
& 26300126
Telegrams : UNIGUJARAT

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

**( NAAC Accredited B ++ )**
**www.gujaratuniversity.org.in**

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/ ૩૯૨૯૩ /૨૦૧૭** **તા. ૧૩-૦૭-૨૦૧૭**

**પરિપત્ર નં. : ૧૯૩ (જૂનો ૧૬૬નો સુધારો)**

**વિષય : પુનઃમૂલ્યાંકન અંગે.**

તા. ૧૮-૮-૨૦૧૨ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવ ક્રમાંક ૨૮ મુજબ પુનઃમૂલ્યાંકન અંગેના નિયમો નક્કી કરવામાં આવેલ છે. પરીક્ષા સુધારણા સમિતિની તા. ૧૨-૦૫-૨૦૧૭ તથા તા. ૦૧-૦૬-૨૦૧૭ની મીટિંગમાં નક્કી થયા મુજબ પુનઃમૂલ્યાંકનના નિયમો નીચે મુજબ રહેશે.

૧. વિદ્યાર્થીએ પુનઃમૂલ્યાંકન માટે નિયત Online ભરેલ અરજીપત્રક જે તે પરીક્ષાનું પરિણામ (ગુણપત્રક) જાહેર થયાની તારીખથી સળંગ પંદર દિવસ સુધીમાં પુનઃમૂલ્યાંકનની ફી તથા માર્કશીટની સ્વ-પ્રમાણિતની સુવાચ્ય નકલ અથવા સ્વ-પ્રમાણિત ઈન્ટરનેટની નકલ અથવા આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કૉલેજ રેકોર્ડની નકલ સાથે કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

૨. (મેડિકલ, ડેન્ટલ તથા પેરામેડિકલ સિવાયની તમામ પરીક્ષાઓમાં) :

(૧) તમામ પરીક્ષાઓમાં, તમામ સેમેસ્ટરમાં કોઈપણ ત્રણ થીયરી પેપરમાં પુનઃમૂલ્યાંકન કરવાની સવલત વિદ્યાર્થીને આપવી.

(૨) મેડિકલ, ડેન્ટલ તથા પેરામેડિકલ સિવાયની તમામ થીયરી પરીક્ષાઓમાં રીચેકિંગની પદ્ધતિ નાબુદ કરવી.

(૩) પુનઃમૂલ્યાંકનની પ્રક્રિયા માત્ર એકજ વખત થશે અને તેનું પરિણામ અંતિમ ગણાશે. જો કોઈ વિદ્યાર્થીના માર્ક પુનઃમૂલ્યાંકનની પ્રક્રિયામાં ઘટે તેવા સંજોગોમાં વિદ્યાર્થીના હિતને ધ્યાને રાખી માર્ક્સમાં ઘટાડો ન કરતાં મૂળ માર્ક (મેળવેલ માર્ક ઉપર પુનઃમૂલ્યાંકન કરાવેલ તે માર્ક) યથાવત રાખવા.

(૪) પુનઃમૂલ્યાંકનની ભરેલ ફી પરત મળી શકશે નહીં. તેમજ અન્યના નામે તબદીલ થઈ શકશે નહીં.

૩. વિદ્યાર્થીએ પુનઃમૂલ્યાંકનથી મેળવેલ ગુણની તેના ગુણપત્રક પર અસર આપવામાં આવશે. પરંતુ સુધરેલ ગુણ/પરિણામના આધારે ચંદ્રક/પારિતોષિક/ઈનામ મેળવવાને હક્કદાર બનશે નહીં.

૪. પ્રેક્ટિકલ, વાઈવા, ડિઝર્ટેશન, સેમિનાર કે ટર્મવર્કનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે નહીં પરંતુ ગુણ ચકાસણી કરી શકાશે.

૫. પુનઃમૂલ્યાંકન માટે પેપરદીઠ રૂ. ૨૫૦/- ફી ભરવાની રહેશે. જ્યારે એન્જિનિયરિંગ, મેડિકલ, (ફાઈનલ એમ.બી.,બી.એસ., બી.ડી.એસ., ફિઝિયોથેરાપી) વિદ્યાશાખા માટે પેપરદીઠ રૂ. ૫૦૦/- ફી ભરવાની રહેશે. (અરજીના નાણા રોકડેથી જમા લેવામાં આવશે.)

૬. રૂબરૂમાં ઉત્તરવહી તપાસવાની કે બતાવવામાં આવશે નહીં.

પુનઃમૂલ્યાંકનના ઉપરોક્ત નિયમો માત્ર ચાલુ સેમેસ્ટર પુરતા જ લાગુ પડશે. આ નિયમોની પુનઃ સમીક્ષા કર્યા પછી જ આગળના સેમેસ્ટરમાં લાગુ કરવા કે નહીં તે પરીક્ષા સુધારણા સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

કા. કુલસચિવ